ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૭૫૮૯
website : www.gujratcongress.org • E-mail: gpcc1234@gmail.com

અખબારી યાદી તા. ૨૨-૦૮-૨૦૨૨

- **ડ્રગ્સના કારોબારને રોકવાની ગંભિર અને ગુન્હાહિત નિષ્ફળતાઓને પગલે ગુજરાતના ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ તાત્કાલિક તેમના પદ પરથી રાજીનામું આપે : રાષ્ટ્રીય પ્રવક્તા શ્રી સુપ્રિયા શ્રીનેતે**
- **દેશના યુવાનોને રોજગારને બદલે ડ્રગ્સ તરફ ધકેલનાર કોણ ?**
- **ગુજરાતના યુવાનોના ભવિષ્યને બચાવવા માટે અને ગુજરાતમાંથી ડ્રગ્સને ઝાકારો આપવા માટે કોંગ્રેસ પક્ષ દ્વારા ડ્રગ્સ નાબુદી માટેની લડાઈ અંતર્ગત વેબસાઈટ - https://rejectdrugsrejectbjp.in/ ટોલ ફ્રી નંબર : 1800-120-7840 નું લોકાર્પણ**

યુવાનોના ભવિષ્યને રોળતુ ડ્રગ્સના કારોબારને રોકવામાં સદંતર નિષ્ફળ ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરતા ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના સોશીયલ મીડીયા – ડીઝીટલ મીડીયા ડીપાર્ટમેન્ટના અધ્યક્ષ અને રાષ્ટ્રીય પ્રવક્તા શ્રી સુપ્રિયા શ્રીનેતેએ જણાવ્યું હતું કે, પૂજ્ય મહાત્મા ગાંધી- સરદારની ભૂમિ ગુજરાત સુખ, શાંતિ, સલામતી અને એકતા માટે સમગ્ર વિશ્વમાં આગવી ઓળખ ધરાવે છે. ગુજરાતનો ઈતિહાસ ગાંધી-સરદારનો વારસો છે. પરંતુ ભાજપ સરકારે ગુજરાતનું ભવિષ્ય એવા યુવાનોને ડ્રગ્સના હવાલે સોંપી દીધું છે. દેશમાં ડ્રગ્સનું સૌથી મોટું પ્રવેશદ્વાર કેમ ગાંધીની ભૂમિ બની રહી છે? આખરે ગુજરાતને ડ્રાય સ્ટેટમાંથી ડ્રગ્સ સ્ટેટ કોણ બનાવી રહ્યું છે? છેલ્લા છ મહિનાની અંદર જ ગુજરાતમાં ૨૫ હજાર કરોડ રૂપિયાનું ડ્રગ્સ પકડાયું છે જેમાં શાસકો સાથે જોડાયેલા મોટા માથાઓની સામેલગીરીને સ્પષ્ટ રીતે દેખાઈ આવે છે, એકમાત્ર મુન્દ્રા પોર્ટ પરથી રૂ. 25,000 કરોડના ડ્રગ્સ ઝડપાયું, ત્યારે સરકાર ડ્રગ્સના વેપારની તપાસ કેમ નથી કરતી? કેન્દ્રીય એજન્સીઓ ED, CBI, NCB ક્યાં છે? પરંતુ હવે આ ડ્રગ્સનો ધંધો માત્ર બંદરો પૂરતો જ સીમિત નથી, ગુજરાતમાં 3 મહિનામાં 4 ફેક્ટરીઓ ઝડપાઈ છે. હવે ડ્રગ્સ દૂર-દૂરના વિસ્તારોમાં પહોંચી રહ્યું છે, વડોદરા, ભરૂચ જેવા સ્થળોએ ફેક્ટરીઓમાં ડ્રગ્સ બનાવવામાં આવી રહ્યું છે. મેડ ઈન ઈન્ડિયાએ રોજગારીનું સર્જન નથી કર્યું, ભાજપ સરકારની નીતિઓને લીધે ચોક્કસપણે "મેક ઈન ગુજરાત વાળા ડ્રગ્સ" નું ઉત્પાદન કરવામાં આવી રહ્યું છે. આ કેટલું ખતરનાક થઈ રહ્યું છે. ડ્રગ્સ એ દેશ અને રાજ્યના ભવિષ્યને બરબાદ કરી રહ્યું છે. આપણે બધાએ જોયું છે કે એક સમયના ખૂબ જ વિકસિત રાજ્ય પંજાબના શું હાલ થયા અને કેવી રીતે ડ્રગ્સથી તેમના યુવાનોને ગુમાવ્યાં. શું આપણે ગુજરાતમાં આવું થવા દઈશું? **ગુજરાતના યુવાનોના ભવિષ્યને બચાવવા માટે અને ગુજરાતમાંથી ડ્રગ્સને ઝાકારો આપવા માટે કોંગ્રેસ પક્ષ દ્વારા ડ્રગ્સ નાબુદી માટેની લડાઈ અંતર્ગત વેબસાઈટ - https://rejectdrugsrejectbjp.in/ ટોલ ફ્રી નંબર : 1800-120-7840 નું લોકાર્પણ કરવામાં આવ્યું** છે જેમાં મોટી સંખ્યામાં યુવાનો જોડાઈ ગુજરાતને ડ્રગ્સ મુક્ત ગુજરાત બનાવવા સંકલ્પ કરશે.

ગંભિર અને ગુન્હાહિત નિષ્ફળતાઓને પગલે ગુજરાતના ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ તાત્કાલિક તેમના પદ પરથી રાજીનામું આપવું જોઈએ અને જો તેઓ આમ ન કરે તો તેમને તાત્કાલિક બરતરફ કરવામાં આવે તેવી માંગ સાથે કોંગ્રેસ પક્ષ કેટલાક મહત્વપૂર્ણ પ્રશ્નો પુછી રહ્યાં છીએ.

1. દેશના યુવાનોને રોજગારને બદલે ડ્રગ્સ તરફ ધકેલનાર કોણ છે?

2. ભારતના ભવિષ્યને ડ્રગ્સના મુખમાં ધકેલી દેવાના આટલા મોટા ષડયંત્ર પર દેશના વડાપ્રધાન અને ગૃહમંત્રી કેમ મૌન છે?
3. શું આટલી મોટી માત્રામાં ડ્રગ્સ રાજકીય સમર્થન વિના આવી શકે? દેશ સામેના આવા ષડયંત્રને નિષ્ફળ બનાવવા માટે સરકારે છેલ્લા એક વર્ષમાં કઈ નક્કર નીતિ બનાવી છે?
4. નાની નાની ટ્રેડીંગ કરતી કંપનીઓને પકડાવી એ માત્ર આંખમાં ધૂળ નાંખવા સમાન છે - પણ આજે પણ દેશમાં આટલી મોટી ડ્રગ સિન્ડિકેટ કોણ ચલાવી રહ્યું છે? આટલી મોટી માત્રામાં ડ્રગ્સ કોણ આયાત કરી રહ્યું છે,
5. ખાનગી બંદરોથી ડ્રગ્સ બેરોકટોક-નિર્ભયપણે આવી રહ્યું છે - ગુજરાતના ખાનગી બંદરો તમામ પ્રકારના ડ્રગ્સનું પ્રવેશદ્વાર કેવી રીતે બની રહ્યા છે? બંદરોના માલિકોની કોઈ પૂછપરછ કેમ નથી?
6. ગુજરાતના દરિયાકાંઠેથી વધી રહેલા આ ડ્રગ્સના આવન-જાવનને રોકવા માટે, બંદરનું સંચાલન કરતા ખાનગી જૂથે તેમના માટે કોઈ નવા નિયમો કે ધોરણો બનાવ્યા છે?
7. કેન્દ્રીય એજન્સી CBI, ED, NCB ક્યાં છે? આ ડ્રગ્સ રેકેટ સામે કોઈ નિર્ણાયક પગલાં કેમ લેવાતા નથી?

| તારીખ | ડ્રગ્સ પકડાયાની વિગત |
|---|---|
| ઓગસ્ટ – 2022 | વડોદરાના એક ગામમાંથી રૂ. 1.125 કરોડનું MD ડ્રગ્સ ફેક્ટરીમાંથી પકડાયું.<br>સાવલી GIDCમાં નેક્ટર કમ નામના વેરહાઉસમાં 2000 કરોડની પાર્ટી ડ્રગ્સ પકડાયું<br>અંકલેશ્વરની ફેક્ટરીમાંથી 1026 કરોડ રૂપિયાનું 513 કિલો ડ્રગ્સ મુંબઈ પોલીસ દ્વારા પકડાયું. |
| મે-2022 | ગુજરાતના પોર્ટ ઉપરથી 500 કરોડનું કોકીન પકડાયું. |
| એપ્રિલ-2022 | પીપાવાવ પોર્ટ ઉપરથી 450 કરોડનું હેરોઈન પકડાયું.<br>કંડલા પોર્ટ ઉપરથી 1439 કરોડનું હેરોઈન પકડાયું. |
| માર્ચ-2022 | રૂ. 2170 કરોડનું ડ્રગ્સ પકડાયું. |
| ફેબ્રુઆરી-2022 | 760 કિલો માત્રાનું રૂ. 2000 કરોડનું ડ્રગ્સ પકડાયું |
| 2021 | મુંદ્રા પોર્ટ ઉપરથી 3000 કિલો, રૂ. 21000 કરોડનું ડ્રગ્સ પકડાયું.<br>સૌરાષ્ટ્રમાંથી 600 કરોડનું 120 કિલો હેરોઈન પકડાયું. |
| જુન-2021 | 25000 કિલો ડ્રગ્સ રૂ. 1,75,000 કરોડ રૂપિયાનું ડ્રગ્સ ભારતના બજારમાં ફેલાઈગયું. |

રાજીવ ગાંધી ભવન ખાતે વિશેષ પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મુખ્ય પ્રવક્તા ડૉ. મનિષ દોશી, સોશીયલ મીડીયા રાષ્ટ્રીય કોર્ડીનેટર આભાષ ભટનાગર, પ્રવક્તા શ્રી મનહર પટેલ, મીડીયા કોર્ડીનેટરશ્રી હેમાંગ રાવલ, પ્રદેશ મહામંત્રીશ્રી ગીતાબેન પટેલ, સોશીયલ મીડીયાના ચેરમેનશ્રી કેયુર શાહ, મીડીયા પેનાલીસ્ટ શ્રી હિરેન બેંકર, પાર્થિવરાજસિંહ કઠવાડીયા ઉપસ્થિત રહ્યાં હતાં.

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવક્તા